

શરદરાત્રી - શરદ પૂનમની પૂર્વ સંધ્યાએ ઈન્ફોસીટી ક્લબ એન્ડ રિસોર્ટ ખાતે રાસ-ગરબાનો કાર્યક્રમ યોજાયો હતો... નવરાત્રીના નવ દિવસ ગરબે ઘુમ્યા બાદ થાક્યા નથી તેવા ખેલૈયાઓ શરદ પૂનમના ગરબા ગાવા ઉમટ્યા હતા... અમદાવાદના જાણીતા ગાયિકા દિપ્તી દેસાઈ અને અમીત ઠક્કરે શહેરના યુવક-યુવતીઓને ગરબે રમાડ્યા હતા...

# ધનતેરસે શહેરને નવા મેયર મળશે

**બન્ને પક્ષોએ નિર્ણય પ્રદેશ મોવડીમંડળ પર છોડવાનો રાગ આલાપ્યો છે : જો કે દાવેદારોએ તો ખેંચતાણ અંગેની કવાયતો શરૂ કરી**

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર મહાનગર પાલિકાને ધનતેરસના દિવસે નવા મહિલા મેયર મળશે. આજે ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા આ અંગેનો વિધિવત્ એજન્ડા જાહેર કરી દેવાયો છે.

આ દિવસે ૧૧.૩૦ વાગે મનપાની મળનારી સામાન્ય સભામાં વંદેમાતરમ્‌ના ગાન પછી તુરત જ મેયર અને ડેપ્યુટી મેયરની ચૂંટણી હાથ ધરવામાં આવશે.

આ પછી સ્થાયી સમિતિના ૧૨ સભ્યોની ચૂંટણી પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. ભાજપમાં મેયરપદને પામવા માટેની કવાયતો દાવેદારો દ્વારા આજથી જ તેજ કરી દેવામાં આવી છે. મહિલા કાઉન્સીલરોએ આ બાબતે પોતપોતાના દાવાઓ રજુ કરતી કરવાની કવાયતો હાથ ધરાઈ છે.

ભાજપમાં વર્તમાન મેયર પાતળી બહુમતિ ભાજપ ધરાવે છે. આ વખતે પહેલીવાર ભાજપના

### મેયર પદ માટે કોંગ્રેસના દાવેદારો

કોંગ્રેસ પક્ષમાં મહિલા મેયર માટે પિન્કીબેન પટેલ, હિરલ જોશી, મીનાબેન વાઘેલા અને લલીબેન વાઘાજી ઠાકોર મજબુત દાવેદાર માનવામાં આવી રહ્યા છે.

### સ્થાયી સમિતિ માટે ભાજપના દાવેદારો

સ્થાયી સમિતિ માટેના દાવેદારોમાં નાઝાભાઈ ઘાંઘર, નીતિનભાઈ પટેલ, દેવેન્દ્રસિંહ ચાવડા, નરેશભાઈ પરમાર પણ મજબુત ગણાય છે.

### સ્થાયી સમિતિ માટે કોંગ્રેસના દાવેદારો

જ્યારે સ્થાયી સમિતિમાં જીતુ રાયકા, ચીમન વિંઝુડા, હસમુખભાઈ મકવાણા અને યુવા કાઉન્સીલર અંકિત બારોટ દાવેદાર મનાઈ રહ્યા છે.

### મેયર પદ માટે ભાજપના દાવેદારો

આ વખતે મેયરપદ મહિલા માટે અનામત છે અને ભાજપ પાસે ૮ મહિલા કાઉન્સીલરો છે. જેમાં ૪ બ્રાહ્મણ, ૧ પટેલ, ૧ ક્ષત્રિય, ૧ ઓબીસી અને ૧ એસ.સી. મહિલા કોર્પોરેટર છે.

૪ બ્રાહ્મણ મહિલા કોર્પોરેટરોમાં પ્રીતીબેન દવે, બરખાબેન જહા, પ્રવિણાબેન વોરા, નિલાબેન શુકલાનો સમાવેશ થાય છે. પટેલમાં રીટાબેન પટેલ ઉપરાંત હર્ષાબા ધાંધલ, પ્રવિણાબેન દરજી અને પાર્વતીબેન પરમારનો સમાવેશ થાય છે.

જો કે હાલ સ્પર્ધામાં પ્રિતીબેન દવે, બરખાબેન જહા અને રીટાબેન પટેલ મજબુત દાવેદાર માનવામાં આવે છે.

મહિલા સામાન્ય માટે આ બેઠક અનામત હોવાથી ભાજપના વિગતો સાથેના બાયોડેટા તૈયાર કરી પ્રદેશ નેતાઓ સુધી પહોંચતા પ્રવિણ પટેલ પક્ષાંતર કરી ભાજપમાં જોડાયા હતા એટલે એક સભ્યની ચિહ્ન પર ચૂંટાયેલા મેયર નગરને

● અનુસંધાન પાન-૭ પર

# પસંદગીના નંબરોની હરાજીમાં આર ટી ઓને રૂ ૧૩.૪૫ લાખની આવક

**ટુ વ્હીલર અને ફોર વ્હીલરની નવી સીરીઝને અનુલક્ષી ઓનલાઇન હરાજી પ્રક્રીયા હાથ ધરાઇ : ૮૧૮૧ નંબર માટે ૩૭ હજાર ચુકવાયા : ૯૦૯૦ નંબર માટે પણ ૨૫ હજાર**

ગાંધીનગર તા ૨૪

ગાંધીનગર આર ટી ઓ કચેરીમાં નવી સિરીઝના નંબરો માટે ઓનલાઈન હરાજી પ્રક્રીયા હાથ ધરવામાં આવી હતી. ટુ વ્હીલર અને ફોર વ્હીલરના પસંદગીના નંબરો માટેની ઓનલાઈન હરાજી પ્રક્રીયાના અંતે આર ટી ઓ કચેરીને રૂ ૧૩.૪૫ લાખની આવક થઈ છે. અગાઉ પણ પસંદગીના નંબરો માટે યોજાયેલી હરાજી પ્રક્રીયાના અંતે આર ટી ઓ કચેરીને લાખોની આવક થઈ હતી.

ગાંધીનગર આર ટી ઓ કચેરીનો વહીવટ હાઈટેક થઈ ગયો હોવાની વાતો થાય છે. પરંતુ વારંવાર સર્વર ડાઉન થવાની સાથે અનેક ટેકનિકલ ખામીઓના લીધે અરજદારોના કામો અટવાતા હોવાની ફરિયાદો વખતોવખત ઉઠવા પામે છે. જેના લીધે અરજદારોએ અનેકવાર મુંઝવણમાં મુકાવાનો વારો આવે છે. આર ટી ઓ કચેરીમાં અગાઉ મેન પાવરનો અભાવ હોવાની બુમ પણ ઉઠવા પામી હતી. પરંતુ ભરતીના અંતે પણ વારંવાર ટેકનિકલ ખામી સર્જાતા અરજદારોએ ધક્કે ચઢવુ પડે છે. આર ટી ઓ કચેરી અનેક સમસ્યાઓથી ઘેરાયેલી છે. સરકારને કરોડો રૂપિયા રળીને આપતા આર ટી ઓ કચેરીને અપગ્રેડ કરવાની યોજના પણ હજુ સાકાર થઈ નથી. આમ નાગરિકો માટે હજુ પણ ધક્કે ચઢયા વગર કામ થતુ ન હોવાનો રોષ યથાવત છે. જયારે એજન્ટોની મદદ વિના પણ આર ટી ઓ કચેરીની એક પણ પ્રક્રીયા પુર્ણ થઈ શકતી ન હોવાનો રોષ પણ અરજદારોમાં ઉઠવા પામ્યો છે. આર ટી ઓ કચેરી વર્ષ દરમિયાન પસંદગીના નંબરોની હરાજી પ્રક્રીયામાં પણ વિશેષ આવક મેળવે છે. જયારે હાલમાં પણ પસંદગીના નંબરોની હરાજી પ્રક્રીયામાં આર ટી ઓ કચેરીએ રૂ ૧૩.૪૫ લાખની આવક કરી હોવાનુ ધ્યાને આવ્યુ છે. ટુ વ્હીલરની ડી ડી અને ફોર વ્હીલરમાં બી કે સીરીઝનો અનુલક્ષીને હરાજી પ્રક્રીયા હાથ ધરવામાં આવી હતી.જેમાં ઓન લાઈન હરાજીમાં ૩૧૧ અરજદારોએ ભાગ લીધો હતો. જયારે ૨૯૯ ની અરજી માન્ય રહી હતી. જયારે ૧૨ અરજદારોની અરજીનો સ્વીકાર કરવામાં આવ્યો ન હતો. ટુ વ્હીલર અને ફોર વ્હીલરના વાહનો માટે યોજાયેલી હરાજી પ્રક્રીયામાં

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં ડેન્ગ્યુના વધુ ૪ કેસ મળતાં કુલ ૧૨૧ કેસ થયા

**સે-૨, ૨૭, ૨૧, ૩૦માંથી આ કેસો મળ્યા : પરિસ્થિતિ ઝડપથી નિયંત્રિત થશે તેવો આશાવાદ : તંત્ર : કેસો પ્રાથમિક તબક્કે જ ડિટેક્ટ થઈ રહ્યા છે**

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર શહેરમાં આજે ડેનગ્યુના વધુ ૪ કેસ નોંધાતા શહેરમાં ડેનગ્યુના દર્દીઓની સંખ્યા વધીને ૧૨૧ પર પહોંચી છે.

વાહકજન્ય રોગ ડેનગ્યુના કેસોમાં છેલ્લા થોડાક દિવસોમાં ભારે ઉછાળો જોવા મળી રહ્યો છે. ૨૦૧૬માં પણ ડેનગ્યુના કેસોની સંખ્યા જેટલી જ સંખ્યા આ વર્ષે થાય તેવી શકયતાઓ નકારી શકાતી નથી.

શહેરી મેલેરિયા તંત્ર એ જણાવ્યું છે કે અમદાવાદ સાથેના નગરજનોના વધુ પડતા વ્યવહારોને કારણે કેસોની સંખ્યા જરૂર વધી છે પરંતુ પરિસ્થિતિ સંપૂર્ણ નિયંત્રણ હેઠળ છે. આ વખતે નોંધાયેલા કેસો એન.એસ.-૧ વધુ જોવા મળ્યા છે અર્થાત પ્રાથમિક તબક્કામાં જ આ કેસો ડિટેકટ થઈ રહ્યા છે.

શહેરમાં આજે મળેલા કેસોમાં ૪ પુરૂષ દર્દીઓ હાલ ગાંધીનગર સિવીલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. જે કેસો મળી આવ્યા છે તેમાં સે-૨, ૨૭, ૨૧ અને ૩૦નો સમાવેશ થાય છે. આ વખતે વાહકજન્ય ડેનગ્યુના કેસો નવા સેકટરોમાંથી વધુ મળી આવ્યા હોવાનું પણ તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

તંત્ર દ્વારા મળી આવેલા આ કેસોમાં દર્દીઓને ત્યાં એન્ટી લારવેલ અને પોરાનાશક કામગીરી ઉપરાંત દર્દીઓના નિવાસસ્થાનની આસપાસના વિસ્તારોમાં સર્વેલન્સની કામગીરી હાથ ધરવામાં આવી છે.

તંત્રના સૂત્રોનું માનવું છે કે શહેરમાં ઠંડીનો પ્રારંભ થઈ રહ્યો હોવાથી પરિસ્થિતિ ઝડપથી નિયંત્રણમાં આવવાની શકયતાઓ ઉભી થઈ છે. આ ઉપરાંત દિપાવલી પર્વમાં પણ ફટાકડાના ધુમાડાથી મચ્છરોનો નાશ થતો હોય છે જે પરિસ્થિતિને થાળે પાડવામાં મદદરૂપ બનશે.

# જિલ્લામાં ૪૭૧૭ બાળકો કુપોષિત

**૮૨૩ અતિ કુપોષિત બાળકો મળ્યા ; અતિ કુપોષિત બાળકોની સંખ્યામાં વધારો જોવા મળતાં તંત્ર ચોંક્યુ**

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જિલ્લામાં ૮૨૩ અતિ કુપોષિત બાળકો અને ૩૮૯૪ કુપોષિત બાળકો જિલ્લાની વિવિધ આંગણવાડી કેન્દ્રોમાં અભ્યાસ કરી રહ્યા છે.

તાજેતરમાં મહિલા-બાળ વિકાસ વિભાગ અને આરોગ્ય વિભાગ દ્વારા સંયુક્ત રીતે આ કુપોષિત બાળકો અંગેનો સર્વે કરવામાં આવ્યો હતો અને તેમાં આ વિગતો બહાર આવવા પામી છે.

મળતી વિગતો પ્રમાણે અતિકુપોષિત બાળકોની સંખ્યામાં છેલ્લા સર્વે કરતાં વધારો થવા પામ્યો છે. ૧૦૦થી વધુ બાળકોનો વધારો જણાતાં તંત્રની ચિંતામાં વધારો થવા પામ્યો છે.

અતિ કુપોષિત બાળકોને સીએમટીસી સેન્ટરમાં દાખલ તબક્કાવાર કરી અને તેમને પોષણયુક્ત બનાવવા માટેનું આયોજન હાથ ધરાયુ છે. દરેક તાલુકામાં ૧૦-૧૦ બાળકોને આ સીએમટીસી સેન્ટરમાં તબક્કાવાર દાખલ કરવામાં આવશે તેમ તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે બાળકોનું વજન સહિતની બાબતોની ચકાસણી કરાયા બાદ આ અહેવાલ તૈયાર કરવામાં આવ્યો છે. તંત્ર દ્વારા કુપોષિત બાળકો માટે દિપાવલી પર્વ પછી ખાસ અભિયાન હાથ ધરવામાં આવનાર છે.

# પંચાયત પ્રમુખને ફાઈલ માંગવા છતાં નહિ અપાતાં વિવાદ

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં આરોગ્ય અને મહિલા બાળ વિકાસ વિભાગમાં કર્મચારીઓની બઢતી માટેની કવાયત હાથ ધરાઈ છે ત્યારે આ અંગેની ફાઈલો જિલ્લા પંચાયત પ્રમુખ દ્વારા રજુ કરવા માટે લેખિતમાં સૂચના આપ્યા પછી પણ ન આપવામાં આવતાં નવો વિવાદ ઉભો થયો છે.

મળતી વિગતો પ્રમાણે મહિલા અને બાળવિકાસ વિભાગ દ્વારા ફાઈલની લેખિતમાં અને મૌખિક રીતે વારંવાર સૂચનાઓ આપવા છતાં રજુ ન કરાતાં આ બાબતે હવે આગળની કાર્યવાહી હાથ ધરવા માટે પ્રમુખ શ્રીમતિ મંગુબેન પટેલે મન બનાવી લીધુ છે.

જિલ્લા પંચાયત સેવા પસંદગી મંડળના સભ્ય તરીકે પંચાયત પ્રમુખ પણ હોય છે પરંતુ તંત્ર દ્વારા ફાઈલ નહિ આપવાને લઈ દાળમાં કંક કાળુ હોવાની શંકાઓ વ્યક્ત થઈ રહી છે.

આ માટે જિલ્લા વિકાસ અધિકારીશ્રીનું પણ ધ્યાન દોરવામાં આવ્યુ હોવાનું જાણવા મળેલ છે.

## બેસણું (પ્રજાપતિ)



અમારા પરમ પૂજય પિતાશ્રી **ભગવતભાઈ જેઠાભાઈ પ્રજાપતિ** (સર્કલ ઈન્સ્પેક્ટર-તલાટી) જલંદુવાળાનો તા. ૨૨/૧૦/૨૦૧૮ને સોમવારના રોજ સ્વર્ગવાસ થયેલ છે. **સદ્દગતનું બેસણું તા. ૨૬/૧૦/૨૦૧૮ને શુક્રવારના રોજ સવારે ૮-૩૦ થી ૧૧-૩૦ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ : શ્રી વિશ્વકર્મા હોલ, વખારીયા ચાર રસ્તા, કલોલ**

ગં.સ્વ. ચંપાબેન ભગવતભાઈ પ્રજાપતિ

પ્રહલાદભાઈ જેઠાભાઈ પ્રજાપતિ — અશ્વિનભાઈ ભગવતભાઈ પ્રજાપતિ
નટવરભાઈ જેઠાભાઈ પ્રજાપતિ — અતુલભાઈ ભગવતભાઈ પ્રજાપતિ
વિનુભાઈ જેઠાભાઈ પ્રજાપતિ — નીશાબેન અશ્વિનભાઈ પ્રજાપતિ
બાબુભાઈ જેઠાભાઈ પ્રજાપતિ — શીતલબેન અતુલભાઈ પ્રજાપતિ
દિનેશભાઈ જેઠાભાઈ પ્રજાપતિ — હની(પૌત્રી), પ્રિયાંશ, વિવાન (પૌત્રો)

પિયર પક્ષનું બેસણું ઉપરોક્ત સ્થળે અને સમયે રાખેલ છે.

લિ.

ગુણવંતભાઈ સાંકળચંદ પ્રજાપતિ (ડીંગુચાવાળા) — કાન્તિભાઈ સાંકળચંદ પ્રજાપતિ
દિનેશભાઈ સાંકળચંદ પ્રજાપતિ

## બેસણું



અમારો વ્હાલસોયો પુત્ર **ચિ. ધવલ દિનેશચંદ્ર જાદવ (બિટ્ટુ)** તા.૨૩-૧૦-૨૦૧૮ને મંગળવારના રોજ દેવલોક પામેલ છે. **સદ્દગતનું બેસણું તા.૨૫-૧૦-૨૦૧૮ને ગુરૂવારના રોજ સવારે ૯ થી ૧૧ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ : ગાર્ડન, ઉર્જાનગર વિભાગ-૧, સીટી પલ્સ થીયેટર પાસે, રાંદેસણ રોડ, ગાંધીનગર મો. ૯૯૨૪૫૦૫૮૩૫**

દિનેશચંદ્ર કાશીરામ જાદવ (B.O.B)

સ્વ.મધુબેન દિનેશચંદ્ર જાદવ — રેશમ ધવલકુમાર જાદવ
પંકજકુમાર ટેમ્ભુરને — નિમિતા પંકજકુમાર ટેમ્ભુરને
તખ્તેશ જયેન્દ્રભાઈ યાદવ — અર્પિતા તખ્તેશકુમાર યાદવ

## iNDEXTb — Mahatma Mandir Convention Center

Industrial Extension Bureau (iNDEXTb), managing Mahatma Mandir Convention Center, invites quotation in prescribed format from interested agencies for **Supply, Installation, Testing and Commissioning of Air Circuit Breakers (ACBs) at Mahatma Mandir**. Interested agencies can view and download the detailed document from our website **www.indextb.com** during **25/10/2018 – 05/11/2018**. Last date of submission is 05/11/2018.

**Managing Director**
Industrial Extension Bureau,
18/2, Udyog Bhavan,
Gandhinagar 382011,
Phone : 079-23250492/93

iNDEXTb INDUSTRIAL EXTENSION BUREAU (A GOVT. OF GUJARAT ORGANISATION) ISO 9001 : 2015 Certified


ગાંધીનગર માટે LED TV, LCD TV રીપેરીંગ માટે ફોન કરો
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
મો. ૯૭૧૪૧ ૯૮૩૬૬

દિપાવલીના તહેવારો માટે ફ્રેશ ડ્રાયફ્રુટ, ફેન્સી ડ્રાયફ્રુટ બોક્ષ



અરિહંત ડ્રાયફ્રુટ્સ
રૂ. ૨૦૦ થી ૨૫૦૦ સુધીની ૫૦ કરતાં વધુ વેરાઈટીઝના બોક્ષ
C/O રૂષભ એન્ટરપ્રાઈઝ
પ્લોટ નં. ૪૦૩, સહજાનંદ કોમ્પલેક્ષ (બેઝમેન્ટ) સેક્ટર-૩૦ ચાર રસ્તા પાસે, અક્ષરધામ રોડ, ગાંધીનગર
હેમાંગ આર. ગાંધી 93777 23164
આર. ડી. ગાંધી 99241 23164

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન-૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૦૫૭૧

જોઈએ છે

શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી સેક્ટર-૨૧, ખાતે વૈષ્ણવ સંપ્રદાય ધરાવતાને પ્રથમ પસંદગી. હિસાબી અને વહીવટી કામગીરી જાણકાર હિસાબનીશ - કોમ્પ્યુટર જ્ઞાન આવશ્યક. અપેક્ષિત પગાર સાથે દિન-૧૦ (દશ)માં અરજી કરવી.
પ્રદિપ ગગલાણી (પ્રમુખ) — રસીકભાઈ ગાંધી (ઉપપ્રમુખ)
ગાંધીનગર વૈષ્ણવ સમાજ

VARSHAS' Pre Diwali Exhibition
The Best Selection In Fashion, Jewellery, Lifestyle And Food
A Perfect Place To Shop For The Upcoming Festivals And It's Celebration
25th - 26th OCTOBER, 2018. TIME - 10 AM to 9 PM
Venue : Atria Business Hub, B-wing, First Floor Sargasan Cross Road, KH-0, Gandhinagar
Entry Free
Varsha Odhavani- 94286 82888 (International Exhibitor)
Varsha Gajaria - 96246 82232 (Artisan)
:: SPONSORED BY ::
Mayur Constructions :- 99044 83888
Laxmi Sales Agency :- 99256 63136
Prism Steel Art :- 99781 21414
Ashwamegh Buildcon :- 98988 07979
Sri Sri International :- 98256 47976
Dr. Rakesh Mori :- 89800 25441
Vrundavan Sweets & Namkin

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT — Kisan — ashirvad — BENELAVE — DR. FIXIT — TATA STEEL • PIPES • SHEETS — ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ROOPKALA The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com